# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## BANASKANTHA- VAV BY ELECTION

વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃતિ કરતા બનાસકાંઠા જિલ્લાના પાંચ સભ્યોને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટિલે પ્રાથમિક સભ્ય પદેથી દૂર કરી સસ્પેન્ડ કર્યા  છે. જેમાં વાવ વિધાનસભા બેઠકના અપક્ષ ઉમેદવાર અને બનાસ બેન્કના ડિરેક્ટર માવજી પટેલ, ભાભર માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન લાલજી ચૌધરી,  જિલ્લા ખરીદ વેચાણ સંઘના પૂર્વ ચેરમેન દેવજી પટેલ, ભાભર માર્કેટ યાર્ડના ચેરમેન દલરામ પટેલ,  અને જામાભાઇ પટેલનો સમાવેશ થાય છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે વાવ વિધાનસભા બેઠક પર માવજીભાઈ પટેલે ભારતીય જનતા પાર્ટીમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી કરતા તેમની સાથે અન્ય ચાર લોકો જોડાતા ભારતીય જનતા પાર્ટીમાંથી પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

----------------------------

## NAMO LAXMI + NAMO SARASWATI YOJNA

રાજ્યમાં નમો લક્ષ્યમી યોજના હેઠળ અત્યાર સુધીમાં સાત લાખથી વધુ વિદ્યાર્થીઓને 174 કરોડ રૂપિયાની અને નમો સરસ્વતી યોજનામાં એક

લાખથી વધુ વિદ્યાર્થીઓને આશરે 40 કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યના વિદ્યાર્થીઓને અમૃતકાળમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે બે નવી યોજના 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

આ બંને યોજનાઓ દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ બંને યોજનાઓ શરૂ થવાથી રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીનીઓની સંખ્યામાં તેમજ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થશે.

---------------

## MOBILE HEALTH UNIT

રાજ્યના છેવાડાના નાગરિકોને આરોગ્યલક્ષી પાયાની સુવિધાઓ મળી રહે તેવા આશયથી હાલ રાજ્યમાં ૧૨૮ મોબાઇલ હેલ્થ યુનિટો કાર્યરત છે. જેમાં ૪૫ મોબાઈલ હેલ્થ યુનિટ, ૩૦ મોબાઈલ મેડિકલ યુનિટ તેમજ ૫૩ મોબાઈલ હેલ્થ યુનિટનો સમાવેશ છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૧૪, વલસાડમાં ૧૧ અને બનાસકાંઠામાં ૯ મોબાઈલ હેલ્થ યુનિટ કાર્યરત છે.

છેલ્લા એક વર્ષમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૩૮,૦૯૯ રૂટ કરી ૨૩ લાખ ૬૦ હજારથી વધુ નાગરિકોને ઓન રૂટ ઓ.પી.ડી. સેવાઓ આપી છે. જેમાં મોબાઈલ હેલ્થ યુનિટ દ્વારા ૧૫,૯૮૩ રૂટ ઉપર ૧,૨૪,૪૫૪૦ દર્દીઓની

સેવા આપી, મોબાઈલ હેલ્થ યુનિટે ૧૩,૦૯૭ રૂટ કરી ૩,૯૦,૭૧૨ તેમજ મોબાઈલ મેડિકલ યુનિટ દ્વારા ૯૦૧૯ રૂટ કરી ૭,૨૫,૦૨૫ નાગરિકોને સારવાર આપવામાં આવી છે.

---------

## MAHISAGAR- TEKA NA BHAVE KHARIDI

રાજ્યભરમાં આવતીકાલથી ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીની શરૂઆત થશે. જે અંતર્ગત  મહીસાગર જિલ્લાના 6 તાલુકાઓમાં જુદા જુદા માર્કેટીંગ યાર્ડમાં આવતીકાલથી ખરીદી શરૂ થશે.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે આ વર્ષે જિલ્લાના બે હજાર કરતા વધુ ખેડૂતોએ ઓનલાઇન ખરીદી માટે નોંધણી કરાવી છે.

(બાઇટ- કૌશિક જોષી, પીટીસી, મહીસાગર)

.................

## MORBI ROAD

મોરબી શહેરમાં 3 કરોડ 25 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા છ     આરસીસી રોડના કામનું ખાતમુહુર્ત ધારાસભ્ય કાંતિ અમૃતિયાએ

કર્યું હતું. આ પ્રસંગે શ્રી અમૃતિયાએ કહ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા મોરબી નગરપાલિકા વિસ્તારમાં વિવિધ રસ્તાના કામ માટે ગ્રાન્ટ મંજુર કરી હતી.

(બાઇટ- કાંતિ અમૃતિયા, ધારાસભ્ય)

-----------------------------------

## VALSAD FIRE

વલસાડની ઉમરગામ GIDC માં પ્લાસ્ટીક બનાવતી ફેક્ટરીમાં ગત મોડી રાત્રે આગ લાગતા પ્લાસ્ટીકનો જથ્થો અને મશીનરી બળીને ખાખ થઇ ગયું હતું. જો કે સિક્યોરીટી ગાર્ડે બંને કામદારોને બહાર કાઢ્યા હતાં. આગના ધુમાડાના ગોટેગોટા દૂરદૂર સુધી જોવા મળ્યા હતા. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરાતા આઠ ફાયર ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઇ જાનહાની થઇ નથી.

----------------

## RAILWAY- DEMU TRAIN

પશ્ચિમ રેલવેએ સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રા વચ્ચે દોડતી ડેમુ સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ 12મી નવેમ્બરથી 31મી મે 2025 સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. આ ટ્રેન સુરેન્દ્રનગર સ્ટેશનથી દરરોજ સવારો પાંચ વાગે ઉપડશે, અને છ વાગે ધ્રાંગધ્રા પહોંચશે. આ ટ્રેનમાં સુરેન્દ્રનગરથી ધ્રાંગધ્રાનું ભાડું 45  રૂપિયા રહેશે.

---------------------------